શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૨

# શ્રી સૂયગડાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી સૂયગડાંગ સૂત્ર

**શ્રીસૂયગડાંગ–સૂત્રકૃતાંગ સૂત્ર બીજું અંગશાસ્ત્ર છે. તેના બે શ્રુતસ્કંધ (વિભાગ) છે. પ્રથમશ્રુત સ્કંધમાં ૧૬ અને બીજા શ્રુતસ્કંધમાં ૭ અધ્યયન છે.**

## પ્રથમ શ્રુતસ્કંધ

### અધ્યયન–૧ : સમય

આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક (પ્રકરણ) અને ૮૮ ગાથાઓ છે. આ અધ્યયનમાં સ્વસમય (સિદ્ધાંત) અને પરસમયની વકતવ્યતા છે. બંધન અને મુકિતના ઉપાયો તથા અન્ય મતો–પરસિદ્ધાંતનું વર્ણન છે અને અંતે ચોથા ઉદ્દશકમાં સ્વસિદ્ધાંતોનું વર્ણન છે, જેમ કે પરિગ્રહ કર્મબંધનું કારણ છે. પદાર્થોનો સંગ્રહ દ્રવ્યપરિગ્રહ છે અને તેના ઉપરનો મમત્વભાવ, માલિકીભાવ ભાવપરિગ્રહ છે. પરિગ્રહની પ્રાપ્તિ અને રક્ષણ માટે વ્યકિત હિંસક બને છે, અસત્યનું આચરણ કરે છે, ચોરી કરે છે. આ હિંસા, અસત્ય, ચોરી આદિના ભાવો કર્મબંધના કારણો છે. સ્વ સમય અનુસાર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ

બંધનકારક છે. અન્ય મતોના આચાર–વિચાર હિંસાદિપરક હોવાથી તે મતો બંધનકારી છે.

કેટલાક લોકો આત્માને માનતા નથી. કેટલાક વિશ્વવ્યાપી એક આત્માને માને છે. કેટલાક શરીરની ઉત્પતિ સાથે આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશ સાથે આત્માનો નાશ માને છે. કેટલાક પાંચ ભૂતોથી આત્માની ઉત્પતિ માને છે. કેટલાક લોકો આત્માને ક્ષણિક માને છે. આ સર્વે આત્મના ત્રિકાળ અસ્તિત્વને સ્વીકારતા ન હોવાથી તપ, જપાદિ અનુષ્ઠાનો, અહિંસાદિના આચરણથી કર્મબંધન તોડવાના પુરુષાર્થને પણ સ્વીકારતા નથી. બસ ખાવું, પીવું ને મજા કરવામાં જ માને છે.

કેટલાક લોકો ભાગ્યમાં જેમ હોય તેમ જ થાય, તેવી નિયતિને પકડીને પુરુષાર્થ વિહીન બને છે. કેટલાક ઈશ્વર જ બધું કરાવે છે, તેમ કહી ઈશ્વર ઉપર ઉત્તરદાયિત્વ ઢોળીને અપુરુષાર્થશીલ બની જાય છે.

જૈન દર્શનાનુસાર આત્મા દ્રવ્ય દષ્ટએ નિત્ય છે, પર્યાય દષ્ટિએ અનિત્ય છે. સમુદ્રમાં મોજા ઉત્પન્ન થાય અને નાશ પામે પણ પાણી તે જ રહે છે, તેમ અવસ્થાઓ (પર્યાય) બદલાતી રહે છે, આત્મ દ્રવ્ય નિત્ય છે. કર્મથી મુક્ત થવા માટે જ્ઞાન, દર્શન (શ્રદ્ધા), ચારિત્રની શુદ્ધિ કરવી

આવશ્યક છે. હિંસાદિનો ત્યાગ કરી અહિંસાદિનું આચરણ કરવું જરૂરી છે. ગૃહસ્થનાં સ્નેહ બંધનમાં બંધાયા વિના, મૂર્છા રાખ્યા વિના સંયમનું પાલન કરી કર્મ બંધનથી મુકત થઈ શકાય છે.

## અધ્યયન–૨ : વૈતાલીય

આ અધ્યયનમાં ત્રણ ઉદ્દેશક (પ્રકરણ) અને ૭૬ ગાથાઓ છે. આ અધ્યયનમાં મોહ રૂપી વેતાલ–પિશાચનું વર્ણન છે. ઋષભદેવ ભગવાને પોતાના ૯૮ પુત્રોને બોધ આપ્યો અને બોધ શ્રવણે તેઓનું મોહનીય કર્મ ઉપશાંત થયું, તેઓ પ્રવ્રજિત થયા અને સર્વજ્ઞ બન્યા. તે ઉપદેશ આ અધ્યયનમાં સંગ્રહિત છે. કુટુંબ–પરિવાર, સ્વજનો–મિત્રો આદિનો મોહ દુઃખદાયી છે. આ સર્વ સંબંધો અનિત્ય છે. આયુષ્ય પૂર્ણ થતાં સર્વ જીવોને પોતાના સ્થાન છોડવા પડે છે, આ સંબંધો કાયમ ટકતા નથી. આસકિતના કારણે માનવી માયાચાર વગેરે પાપકર્મોનું સેવન કરે છે. જીવનની અને સંબંધોની નશ્વરતાને જાણી સાધકે પાપ કર્મોથી દૂર રહેવું જોઈએ. જે મોહભાવને દૂર કરે છે, તે સિદ્ધસમ શાંતિને પામે છે.

મોહનીયકર્મને દૂર કરવા સર્વ સંગના ત્યાગી સાધુએ પરિષહો અને ઉપસર્ગોને સમતાથી સહન કરવા

જોઈએ. કુટુંબીજનો વિવિધ પ્રલોભનો આપે ત્યારે તે ડગમગી ન જાય, જ્ઞાનાદિનો મદ ન કરે. વંદન, પૂજા, સન્માન વગેરે પરિગોપ (કિચડ) તુલ્ય છે, સાધુ તેમાં હર્ષિત ન થાય. કટુવચન સાંભળી દુઃખી ન થાય, વિશિષ્ટ અભિગ્રહો (નિયમો) ધારણ કરી એકાંત સાધના કરે.

સાધક પોતે જ પોતાને અનુશાસિત કરે છે. આત્મનુશાસન ન કરી શકનાર હિંસાદિમાં પ્રવૃત્ત થઈ જાય છે અને આસુરી દિશાને પ્રાપ્ત થાય છે. અંધપુરુષ ચક્ષુવાનના માર્ગદર્શન પ્રમાણે ચાલે છે, તેમ મોહથી ઘેરાયેલાં સાધકો સર્વજ્ઞના માર્ગદર્શનને અનુસરે છે.

ગૃહસ્થ પણ મોહપિશાચને પરાસ્ત કરી શકે છે. ઘરમાં રહેવા છતાં ગૃહસ્થ કુટુંબ-પરિવારનું, ધન-ધાન્યનું શરણ ન સ્વીકારતા, ધર્મનું શરણ સ્વીકારી, સર્વ પ્રાણી પ્રતિ સમતા રાખી, સમત્વદર્શી, સુવ્રતી બને, તો તે સદ્‌ગતિને પ્રાપ્ત થાય છે.

## અધ્યયન-૩ : ઉપસર્ગ પરિજ્ઞા

આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક (પ્રકરણ) અને ૮૨ ગાથાઓ છે. આ અધ્યયનમાં સાધકને આવતા ઉપસર્ગો-વિઘ્નો, બાધાઓ, ઉપદ્રવો, આપત્તિઓનું વર્ણન છે અને તે સમયે સાધક જ્ઞપરિજ્ઞાથી તેના સ્વરૂપને જાણી, પ્રત્યાખ્યાન

પરિજ્ઞાથી દઢ રહી, તેનો પ્રતિકાર કરે છે, તેનું વર્ણન છે.

ઉપસર્ગ પરિજ્ઞાથી વીતરાગદશા પ્રાપ્ત થાય છે, માટે સાધક કડકડતી ઠંડી, ધોમધખતો તાપ, આક્રોશ વચનો, વધ, કઠોર સ્પર્શ, ડાંસ-મચ્છરનો ત્રાસ વગેરે પરિષહોને સમતાથી સહન કરે. સ્વજનોના અનુકૂળ ઉપસર્ગો દુસ્તર હોય છે. કુટુંબીજનો વિલાપ કરે, પાલન-પોષણ કરવા વિનવે, લલચાવે, પ્રલોભનો આપે ત્યારે સાધુનું મન ઢીલું થઈ જાય તો, ચઢાણવાળા રસ્તે વૃદ્ધ બળદ દુઃખને અનુભવે તેમ સાધક સંયમ જીવનમાં દુઃખનો અનુભવ કરે અને સંયમથી ચ્યુત થઈ જાય છે. તેવા સમયે સાધકને દઢ રહેવાનું મનોબળ, આ અધ્યયનથી પ્રાપ્ત થાય છે.

કાયર યોદ્ધો યુદ્ધપૂર્વે જ પીછેહઠના વિચારથી છુપાવાના સ્થાનો જોઈ રાખે છે, તેમ અસમર્થ સાધક સંયમ જીવનથી પીછેહઠ કરવી પડે તો ભવિષ્યમાં આજીવિકા માટે જ્યોતિષ આદિ વિદ્યાઓના અભ્યાસ વગેરે ઘાતક રસ્તાઓ શોધી રાખે છે. શૂરવીર યોદ્ધાઓ 'મૃત્યુથી વધુ શું થઈ શકવાનું છે ?' તેવા વિચાર સાથે યુદ્ધમાં મગ્ન રહે છે, તેમ સાધુઓ ઉપસર્ગ સમયે દઢ મનોબળી બને તો ઉપસર્ગ વિજેતા બને છે.

બીમાર, વૃદ્ધ, સાધુ આદિની સેવા કરતા સાધુને

કોઈ અન્યતીર્થિકો સરાગી, આસકત હોવાનો આક્ષેપ કરે અને તે આક્ષેપોનું નિવારણ કરવા જતાં અન્યતીર્થિકોના આક્રોશનો ભોગ બને, તો તે સમયે સાધુ મૌન અને સમાધિભાવ ધારણ કરી સેવા કાર્યમાં રત રહે.

કેટલાક અજ્ઞાનીઓ બાહુક, રામગુપ્તાદિ ઋષિઓના દષ્ટાંત આપી–આપીને કહે કે તે મહાપુરુષોએ સચિત્ત પાણી, લીલી વનસ્પતિ વગેરેના ઉપભોગ દ્વારા મોક્ષને પ્રાપ્ત કર્યો છે માટે સાધુઓએ સચિત્ત પાણી આદિનો ઉપભોગ કરવો જોઈએ. આવા દુઃશિક્ષણ રૂપ ઉપસર્ગના સમયે સાધકે વિચારવું જોઈએ કે તે ઋષિઓને કોઈને કોઈ નિમિતે જાતિસ્મરણ જ્ઞાન થવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થયું હતું અને તેના કારણે તેઓ મુક્ત થયા હતા. ભાવ ચારિત્ર વિના કાચું પાણી પીવા આદિથી કર્મક્ષય શકય નથી. સાધુએ ભ્રામક માન્યતાઓમાં અંજાઈ ન જવું જોઈએ.

કેટલાક અનાર્ય, જિનમતથી પરાઙ્મુખી લોકો કહે છે કે ઘેટાં પાણીને ડહોળ્યા વિના, પિંગા પક્ષિણી પાણીને હલાવ્યા વિના પાણી પીએ છે, તેમ કોઈને પીડા આપ્યા વિના કામસેવનમાં દોષ નથી. આવ દુઃશિક્ષણ રૂપ ઉપસર્ગના સમયે સાધકે વિચારવું જોઈએ કે હત્યા કરીને

વિષપાન કરનારા હત્યારાને, ચોરી કરીને પછી મધ્યસ્થ ભાવ ધારણ કરી લેનારા ચોરને નિર્દોષ ન કહી શકાય, તેમ કામવાસના–મૈથુનમાં નિર્દોષતા સંભવિત નથી.

ઊર્ધ્વાદિ લોકમાં રહેલા ત્રસ–સ્થાવર પ્રાણીઓની હિંસાથી વિરત, ઉપસર્ગ વિજેતા સાધક શાંતિ રૂપ નિર્વાણને પામે છે.

## અધ્યયન–૪ : સ્ત્રી પરિજ્ઞા

આ અધ્યયનમાં બે ઉદ્દેશક અને ૫૩ ગાથાઓ છે. આ અધ્યયનમાં સ્ત્રીના સ્વભાવ આદિનું વર્ણન છે અને તેને જાણીને, તેના પ્રત્યેની આસકિત, મોહના પરિત્યાગનું વર્ણન છે. અગ્નિના સામીપ્યથી લાખ ઓગળી જાય છે, તેમ સ્ત્રીનો સંસર્ગ, સ્ત્રીનો સહવાસ સાધુને ચારિત્ર ભ્રષ્ટ બનાવે છે. ચારિત્ર ભ્રષ્ટ સાધુ અપમાન, તિરસ્કાર આદિ દુઃખોથી દુઃખી બની જાય છે. શીલભંગના કારણે અશુભ કર્મોનો બંધ થાય છે. સાધુએ સ્ત્રીજન્ય ઉપસર્ગોથી બચવા દષ્ટિ ઉપર સંયમ રાખવો જોઈએ. સ્ત્રી સંસર્ગ વિષલિપ્ત કાંટા તુલ્ય છે, તેનું વારંવાર ચિંતન કરવું જોઈએ.

મોહનીય કર્મના ઉદયવશ સાધુ સ્ત્રીને વશવર્તી બની જાય, તો તેની ભયંકર દુર્દશા થાય છે. સ્ત્રી પાસે લાચર બની રહેવું પડે, સ્ત્રીના પ્રહાર સેવવા પડે, સ્ત્રીની

માંગણી પ્રમાણે નીત–નવી વસ્તુઓ લાવી આપવી પડે, નોકર, પશુ, મૃગ, ધોબીની જેમ તેના હુકમને તાબે થવું પડે છે. આવી દુદર્શાને નજર સમક્ષ રાખી, સ્ત્રી સંપર્કનો ત્યાગ કરવાનો ઉપદેશ આ અધ્યયનમાં છે.

## અધ્યયન–૫ : નરક વિભકિત

આ અધ્યયનમાં બે ઉદ્દેશક અને પર ગાથઓ છે. આ અધ્યયનમાં નરકના વિભિન્ન સ્થાનો (વિભકિત), નારકીઓ અને તેની વેદનાદિનું વર્ણન છે.

નરકની ભૂમિ ખેરના ધગધગતા અંગારા જેવી તપ્ત છે. નરકાવાસનો એક પણ ખૂણો એવો નથી કે જે ગરમ ન હોય. નારકીઓ ત્યાં સદા સેકાતા રહે છે. કેટલીક નરક ભૂમિઓ બરફથી પણ અતિ શીત છે. ત્યાં નારકી ઠંડીથી ઠુઠવાતા રહે છે. નરક ક્ષેત્ર અત્યંત પ્રતિકૂળ અને દુઃખદાયી છે.

'જેનું જેવું કર્મ, તેને તેવું ફળ' પૂર્વકૃત કર્માનુસાર નારકીઓને પીડા ભોગવવી પડે છે. પૂર્વ જન્મના માંસાહારીને તેઓનું જ માંસ કાપી ખવડાવવામાં આવે છે. મદિરાપાન કરનારને, અન્યને પીડા આપી લોહી પીનારાને તેનું જ લોહી અથવા ગરમ સીસું પીવડાવવામાં આવે છે. પૂર્વ ભવમાં જે માછીમાર, કસાઈ, શિકારી હતા તેઓને તે

રીતે મારવા, કાપવા, છેદવામાં આવે છે, તીક્ષ્ણધારવાળા શાલ્મલીવૃક્ષનું આલિંગન કરાવવામાં આવે છે. જે મહાઆરંભી, મહાપરિગ્રહી, તીવ્ર કષાયી હતા. તેઓને તેમના દુષ્કૃત્યોનું સ્મરણ કરાવી, તેવું જ દુઃખ આપવામાં આવે છે.

પરમાધામી દેવો નારકીઓને તલવારથી કાપે, શૂળીથી વીંધે, ભાલામાં પરોવે છે અને મુદ્‌ગરથી મારે છે. લોંખડની કડાઈમાં તળે, ભૂંજે કે સેકે છે. લોહી-પરૂની કુંભીઓમાં નારકીને પકાવે છે. શરીર પર ઘા કરી ક્ષાર છાંટે છે.

નારકીઓની કરૂણાજનક સ્થિતિ એ છે કે નારકીઓ વર્ણનાતીત, કલ્પનાતીત વેદનાઓને ભોગવવા છતાં મૃત્યુ પામી શકતા નથી. દીર્ઘ આયુષ્ય પર્યંત તેઓને તીવ્રાતિતીવ્ર વેદનાઓ ભોગવવી જ પડે છે. આવી નરક વેદના ભોગવવી ન હોય તો બુદ્ધિમાન મનુષ્યે હિંસા, પરિગ્રાહદિનો ત્યાગ કરી ધર્મ માર્ગનું સમ્યક્ આચરણ કરવું જોઈએ.

## અધ્યયન-૬ : મહાવીરસ્તવ

આ અધ્યયનમાં ૨૯ ગાથાઓ છે. આ અધ્યયનમાં શાસનપતિ ભગવાન મહાવીરસ્વામીના ગુણોનું કીર્તન છે. પદ્યાત્મક રૂપે કરવામાં આવતા મહાપુરુષોના ગુણગ્રામને

સ્તવ કે સ્તુતિ કહેવામાં આવે છે.

હિતકારી, અનુપમ એવા ધર્મના પ્રરૂપક કોણ હતા ? તેઓના જ્ઞાન, દર્શન, ચારિત્ર કેવા હતા ? જંબૂસ્વામીના આવા પ્રશ્નોના ઉત્તર રૂપે પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીએ ભગવાનના વિશિષ્ટ ગુણોનું વર્ણન કર્યું છે.

ભગવાન ખેદજ્ઞ–પ્રાણીઓના દુઃખના જ્ઞાતા હતા, ક્ષેત્રજ્ઞ–લોકાલોકના ક્ષેત્રના જ્ઞાતા હતા. ભગવાન અનંતજ્ઞાની, અનંતદર્શી, લોકના ત્રસ–સ્થાવર જીવોના નિત્ય–અનિત્ય સ્વરૂપને જાણીને દ્વીપ કે દીપ સમાન ધર્મનું કથન કરનારા હતા. તેઓ નિરામગંધી–નિર્દોષ ચારિત્ર પાલક, અનુત્તર ધર્મના નાયક હતા.

મેરુ પર્વત ત્રણે લોકને સ્પર્શે છે, તેમ ભગવાનનો યશ ત્રણે લોકમાં વ્યાપ્ત હતો. મેરુપર્વતના ત્રિકાંડની જેમ ભગવાન રત્નત્રયથી શોભાયમાન હતા. ચંદ્ર–સૂર્ય વગેરે મેરુ પર્વતને પરિક્રમા કરે છે, તેમ કરોડો દેવો, ચક્રવર્તી આદિ ભૂપતિઓ ભગવાનને પ્રદક્ષિણા કરતા હતા. મેરુપર્વતના નંદનવનમાં દેવો, ઈંદ્રો આનંદ અનુભવે છે તેમ ભગવાનના સમવસરણમાં સુરો, અસુરો, માનવો, પ્રાણીઓ આનંદ, શાંતિનો અનુભવ કરતાં હતાં. મેરુ પર્વતના સુમેરૂ, સુદર્શન, મંદર વગેરે અનેક નામો પ્રસિદ્ધ છે, તેમ ભગવાન

મહાવીરસ્વામીના વીર, વર્ધમાન, સન્મતિ, વૈશાલિક, જ્ઞાતપુત્ર વગેરે અનેક નામો સુપ્રસિદ્ધ હતા. મેરુ તેજોમય વૃક્ષોના સમૂહથી દેદીપ્યમાન છે. તેમ પ્રભુ અનંત ગુણોથી દેદીપ્યમાન હતા. મેરુ પોતાના ગુણોના કારણે પર્વતોમાં શ્રેષ્ઠ છે. તેમ ભગવાન પોતાના યશ, માન, શીલાદિ સદગુણોથી શ્રેષ્ઠ હતા.

લાંબા પર્વતોમાં નિષધ પર્વત, વલયાકાર પર્વતોમાં રૂચકપર્વત, વૃક્ષોમાં દેવકુરૂનું શાલ્મીલીવૃક્ષ, વનોમાં નંદનવન, ધ્વનિઓમાં મેઘધ્વનિ, તારાઓમાં ચંદ્ર, સુગંધમાં ચંદનની સુગંધ, સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, નાગકુમારોમાં ધરણેન્દ્ર, હાથીઓમાં ઐરાવત હાથી, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા નદી, પક્ષીઓમાં ગરૂડ, યોદ્ધઓમાં વાસુદેવ, ફૂલોમાં કમળ, ક્ષત્રિયોમાં ચક્રવર્તી શ્રેષ્ઠ છે. તેમ ઋષિઓમાં, જ્ઞાનીઓમાં, તપસ્વીઓમાં ભગવાન મહાવીરસ્વામી શ્રેષ્ઠ હતા. દાનમાં અભયદાન, તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે તેમ લોકમાં ભગવાન ઉત્તમ હતા.

ભગવાનનું શુકલ ધ્યાન શંખ, ચંદ્ર આદિ શુકલ વસ્તુઓની જેમ ઉજ્જવળ, નિર્મળ અને વિશુદ્ધ હતું. ભગવાન પૃથ્વીની જેમ સર્વ પ્રાણીના આધાર રૂપ હતા. આવા અર્હત ભગવાન મહાવીરસ્વામી દ્વારા કહેવાયેલા

ધર્મનું જેઓ શ્રવણ કરી, તેના ઉપર શ્રદ્ધા ધારણ કરે છે, તેઓ કર્મક્ષય કરી મોક્ષને પ્રાપ્ત થાય છે, તેમ ન કરી શકે તે ઈન્દ્રાદિ પદને પ્રાપ્ત થાય છે.

## અધ્યયન-૭ : કુશીલ પરિભાષા

આ અધ્યયનમાં ૩૦ ગાથાઓ છે. આ અધ્યયનમાં મુખ્યરૂપે સાધુઓની કુશીલતા અને સુશીલતાનું વર્ણન છે. તેમાં તેના લક્ષણ, સ્વરૂપની પરિભાષા-વ્યાખ્યા કહેવામાં આવી છે.

કુશીલ વ્યકિત ત્રસ-સ્થાવર પ્રાણીઓની હિંસા કરી પોતાના આત્માને દંડે છે અને તે-તે યોનિઓમાં વારંવાર ઉત્પન્ન થઈ જન્મ, જરાદિના દુઃખોને પામે છે. કરેલા કર્મો આ જન્મ કે જન્માંતરોમાં, આલોક કે પરલોકમાં ફળ આપ્યા વિના રહેતા નથી. તે કર્મફળ ભોગવવાના સમયે આર્તધ્યાન કરી જીવ પુનઃ કર્મ બાંધે છે અને તેનું દુષ્ફળ ભોગવે છે. આમ કર્મબંધ અને તેના ફળનું ચક્ર ચાલ્યા જ કરે છે.

આગ લગાડનાર વ્યકિત છકાયના જીવોની અને બુઝાવનાર વ્યકિત અગ્નિકાય જીવોની ઘાત કરે છે. પૃથ્વાદિ છકાય જીવોનું છેદન-ભેદન કરનાર ગર્ભમાં, સ્પષ્ટ બોલવાની કે અસ્પષ્ટ બોલવાની બાલ્યવયમાં, કુમાર કે

યુવાવયમાં, પ્રૌઢ કે વૃદ્ધવય, કોઈ પણ વયે મૃત્યુ પામે છે.

કેટલાક અજ્ઞાની લોકો મીઠાના ત્યાગથી, સચિત્ત પાણીના સેવનથી કે સ્પર્શથી, હવનાદિ અગ્નિ કાર્ય કે અગ્નિ સ્પર્શથી મોક્ષની પ્રાપ્તિ કહે છે. તેઓના વચન મિથ્યા છે. પાણીના સ્પર્શથી મુકિત મળતી હોત, તો સર્વ જલચર જીવો, માછીમાર આદિને મુકિત મળી જાત અને અગ્નિના સ્પર્શથી મુકિત મળતી હોત, તો કંદોઈ, રસોઈયા, લુહાર, સોની વગેરેને મુકિત પ્રાપ્ત થઈ જાત, પણ તેમ થતું નથી.

સ્વાદિષ્ટ, આહારની આસકિતથી તેનો સંચય કે ઉપભોગ કરવો, સ્નાન વિભૂષાદિ કરવા, ભોજન પ્રાપ્તિ અર્થે ધર્મકથા, સ્વગુણ પ્રશંસા કે દીનતા કરવી; આવી આચાર ભ્રષ્ટતા સંયમને નિઃસાર બનાવે છે અને તે જ સાધુ જીવનની કુશીલતા છે.

સુશીલ સાધુ સ્નાન, શરીર વિભૂષાનો ત્યાગ કરે છે, શસ્ત્ર પરિણત, અચિત્ત નિર્દોષ આહારનું સેવન કરે છે, અપરિચિત ઘરોમાં આહાર (અજ્ઞાતપિંડ) ગ્રહણ કરે છે, પૂજા-પ્રતિષ્ઠાની કામના રાખતા નથી, સંગ્રામના સુભટની જેમ કર્મશત્રુઓનું દમન કરે છે. ધરી તૂટી જતાં ગાડી આગળ ચાલે નહીં તેમ કર્મક્ષય થઈ જવાથી આવા સુશીલ

સાધકની જન્મ, જરા, રોગ, શોકાદિની ગાડી આગળ ચાલતી નથી અર્થાત્ તે મોક્ષને પામે છે.

## અધ્યયન–૮ : વીર્ય

આ અધ્યયનમાં ૨૬ ગાથાઓ છે. આ અધ્યયનમાં સકર્મવીર્ય અને અકર્મવીર્ય તથા તેના પરિણામોનું વિસ્તારથી વર્ણન છે. વીર્ય એટલે શકિત, સામર્થ્ય, પરાક્રમ કે આત્મબળ. કર્મબંધકારી બાલ–અજ્ઞાની જીવોના પરાક્રમને સકર્મવીર્ય કહે છે અને કર્મક્ષયકારી પંડિત–જ્ઞાની જીવોના પરાક્રમને અકર્મવીર્ય કહે છે. અહીં સકર્મ શબ્દ પ્રમાદ તથા અસંયમ સૂચક છે અને અકર્મ શબ્દ અપ્રમાદ તથા સંયમ સૂચક છે.

અજ્ઞાની વ્યકિતઓ પ્રાણઘાતક અસ્ત્ર–શસ્ત્ર વિદ્યાઓ, મંત્રાદિ શીખે છે, માયા–કપટનું આચરણ કરે છે, કામભોગમાં આસકત રહી અસંયમમાં વીર્યનો દુરુપયોગ કરીને તે સકર્મવીર્ય દ્વારા સંસારમાં પરિભ્રમણ કરે છે અને જન્મ, જરાદિ દુઃખને પ્રાપ્ત થાય છે.

જ્ઞાની વ્યકિતઓ વીર્યનો સદુપયોગ કરી પોતાને સંયમમાં જોડે છે. કાચબો પોતાના અંગોને પોતાના શરીરમાં ગોપવે છે તેમ મેધાવી ધર્મધ્યાનાદિ ભાવનાથી પાપકર્મોને સમેટી લે છે. તે અધ્યાત્મબળથી સમસ્ત

પાપપ્રવૃત્તિઓ, દુષ્ટ અધ્યવસાયો અને ભાષાના દોષોને રોકવા રૂપ અને મન, વચન, કાયાથી કોઈ પણ પ્રાણીને પીડા ન પહોંચાડવા રૂપ અકર્મવીર્ય દ્વારા મુકત થાય છે.

સુવ્રતી સાધુ થોડો આહાર કરે, થોડું પાણી પીએ અને થોડું બોલે, થોડી નિંદ્રા લે, તે ક્ષમાશીલ, લોભથી રહિત શાંત, દાંત, અનાસકત રહેવારૂપ અકર્મવીર્ય દ્વારા મુકત થાય છે. સંયમપ્રધાન અકર્મવીર્ય કે પંડિતવીર્ય જેમ–જેમ વૃદ્ધિ પામે છે તેમ–તેમ સંયમભાવ વધે છે અને પૂર્ણ સંયમી બનતા શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

## અધ્યયન–૯ : સમાધિ

આ અધ્યયનમાં ૩૬ ગાથાઓ છે. આ અધ્યયનમાં સાધુઓ માટે વીતરાગ પ્રરૂપિત લોકોત્તર શ્રુતધર્મનું અને આચારધર્મનું પ્રરૂપણ છે.

શ્રુતધર્મથી વિમુખ આરંભ–પરિગ્રહમાં આસકત જીવો દીર્ઘકાળ પર્યંત વેરને વધારે છે. વિષયસુખમાં લોલુપ તે જીવો દુઃખથી મુકત થઈ શકતા નથી. મૃત્યુ પછી ધનાદિ સાથે આવતા નથી પણ તેના માટે કરેલા પાપકર્મો સાથે આવે છે અને તે પાપકર્મોનું ફળ એકલાને જ ભોગવવું પડે છે.

પાપકર્મોના ફળ સ્વરૂપે પીડિત દુઃખી વ્યકિતને

કોઈ દુઃખાદિથી બચાવી શકતું નથી, કોઈ તેની રક્ષા કરી શકતું નથી માટે સાધકે સંયમનો સ્વીકાર કરી મમત્વરહિત, અહંકારરહિત બની, નિસ્પૃહ થઈને સંયમધર્મનું પાલન કરવું જોઈએ.

તે સંયમી આત્મા મૂળગુણ રૂપે પાંચ મહાવ્રતોનું યથાર્થ પાલન કરે છે અને ઉત્તર ગુણોનું પાલન કરતાં વિરેચન, વમન, અંજન, ગંધ, માલ્ય, સ્નાનાદિ અનાચારોનાં સેવનથી દૂર રહે છે. સાધુ મર્મકારી હિંસાકારી, ઉપહાસકારી, છેદનકારી, ભેદનકારી કપટયુકત ભાષાનો પ્રયોગ ન કરે, કઠોર દુઃખદાયી સંબોધનથી કોઈને સંબોધે નહીં. સંયમધર્મને દૂષિત કરનારા આચાર–વ્યવહારનો સદાને માટે ત્યાગ કરે છે.

## અધ્યયન–૧૦ : સમાધિ

આ અધ્યયનમાં ૨૪ ગાથાઓ છે. આ અધ્યયનમાં આત્માની પ્રસન્નતા રૂપ, ચિત્તની સ્વસ્થતા રૂપ ભાવ સમાધિનું દિગ્દર્શન છે. સમાધિની પ્રાપ્તિ માટે સાધક જ્ઞાનની આરાધના કરી, દર્શન (શ્રદ્ધાભાવ) કેળવી આકાંક્ષાઓ, ઈચ્છાઓથી રહિત, વિષય સુખના નિદાન (ફળ પ્રાપ્તિના સંકલ્પ) થી રહિત થઈને શુદ્ધ સંયમનું પાલન કરે છે.

વિષયભોગની ક્રિયાને સમાધિદાયી માનનારા ક્રિયાવાદી, આત્માને નિષ્ક્રિય (અકર્તા) માની હિંસાદિ કાર્યમાં રકત રહેનારા અક્રિયાવાદીઓ, દર્શનસમાધિથી દૂર છે. અજ્ઞાનને શ્રેષ્ઠ માની આરંભાદિમાં મસ્ત રહેનારા અજ્ઞાનવાદીઓ જ્ઞાનસમાધિથી દૂર છે. પોતાને અમર માની ધન, સ્ત્રી આદિના મમત્વમાં, તેની રક્ષા કે વૃદ્ધિની ચિંતામાં મગ્ન રહેનારાઓ ચારિત્રસમાધિથી દૂર છે.

હરણ વગેરે પશુઓ સિંહની શંકાથી સિંહથી દૂર રહે છે. તેમ સાધક અસમાધિની આશંકાથી હિંસા વગેરે પાપકાર્યોથી દૂર રહે છે. મૂળગુણ આચારસમાધિ માટે સાધુ પાપકાર્યો કરતા નથી, કરાવતા નથી, અનુમોદના કરતા નથી. ઉત્તરગુણ આચારસમાધિ માટે મનોજ્ઞ–અમનોજ્ઞ આહારમાં રાગ–દ્વેષ કરતા નથી, આહારમાં મૂર્ચ્છિત થતાં નથી અને પૂજા, પ્રતિષ્ઠા, સત્કાર, કીર્તિની કામના રાખતાં નથી. તપસમાધિની પ્રાપ્તિ માટે નિરપેક્ષ ભાવ કેળવે છે. શરીરને સંસ્કારિત કે પુષ્ટ કર્યા વિના કાર્યોત્સર્ગમાં લીન રહે છે. તપશ્ચર્યાના ફળની આકાંક્ષા (નિયાણું) રાખ્યા વિના કર્મક્ષય અર્થે તપશ્ચર્યા કરે છે.

## અધ્યયન–૧૧ : માર્ગ

આ અધ્યયનમાં ૩૮ ગાથાઓ છે. આ

અધ્યયનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ છે. સામુદ્રિક વ્યાપારીઓ જહાજ દ્વારા સમુદ્રને પાર કરે છે તેમ ભવ્યજીવો રત્નત્રય રૂપ મોક્ષ માર્ગ દ્વારા સંસાર સાગરને પાર કરે છે.

મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન અહિંસા છે. અહિંસા જ નિર્વાણની કૂંચી છે. જ્ઞાનીપુરુષના જ્ઞાનનો સાર અહિંસા છે. સંપૂર્ણતયા અહિંસક બનવા માટે નિમ્નોક્ત વાતોનો સ્વીકાર કરવો જોઈએ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા હાલતા-ચાલતા સર્વ ત્રસ જીવોમાં જીવ (ચેતના) છે. કોઈપણ જીવને દુઃખ પ્રિય નથી, હિંસાથી જીવને દુઃખ થાય છે, માટે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જ જોઈએ.

અશુદ્ધ આહાર સંયમ વિઘાતક છે, મોક્ષ માર્ગમાં વિઘ્નકારક છે માટે સાધકે હિત, મિત નિર્દોષ આહારથી જીવન નિર્વાહ કરવો જોઈએ. દોષિત આહારના સેવનથી સાધકના પાંચે મહાવ્રતો દૂષિત થાય છે. અહિંસા મહાવ્રતની સુરક્ષા માટે સાધકે ભાષામાં વિવેક રાખવો જરૂરી છે. દાન અર્થે ગૃહસ્થે વસ્તુઓ બનાવી હોય તે વસ્તુઓ (ખાદ્ય સામગ્રી આદિ) ત્રસ-સ્થાવર પ્રાણીઓની હિંસાથી તૈયાર થાય છે તેવા, આરંભજન્ય દાનાદિ કાર્યની સાધુ પ્રશંસા ન

કરે, તેમ કરવાથી આરંભની અનુમોદનાનું પાપ લાગે છે. 'આરંભજન્ય દાનાદિમાં પુણ્ય નથી' સાધુ તેમ પણ ન બોલે. સાધુના મુખેથી તેવા શબ્દ સાંભળી ગૃહસ્થો તે વસ્તુઓનું દાન દેતા અટકી જાય છે અને તે જીવોને તે વસ્તુના લાભમાં અંતરાય પડે છે.

સર્વ માર્ગમાં નિર્વાણ માર્ગ શ્રેષ્ઠ છે. સંસારમાં અટવાતા જીવો માટે તે દ્વીપ તુલ્ય, આધારભૂત છે. જન્માંધ પુરુષ છીદ્રવાળી નાવ દ્વારા નદી પાર કરવા ઈચ્છે, તો તે નદી પાર કરી શકતો નથી, પરંતુ મઝધારે ડૂબી જાય છે. તેમ કેટલાક અનાર્ય સાધુ આશ્રવ માર્ગનું સેવન કરી મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા રાખે છે, તેઓ મોક્ષ મેળવી શકતા નથી, પરંતુ નરકાદિ દુઃખોને પ્રાપ્ત થાય છે.

પંડિત પુરુષો કષાયભાવનું નિવારણ કરી મોક્ષનું અનુસંધાન કરે છે. કેવળજ્ઞાનનો આધાર કષાય મુકિત છે. સાધકે પંડિત મરણ, સમાધિ મરણની ભાવના રાખવી જોઈએ અને તે મોક્ષ માર્ગ છે.

## અધ્યયન–૧૨ : સમવસરણ

આ અધ્યયનમાં ૨૨ ગાથઓ છે. આ અધ્યયનમાં અન્ય મતોનું સમવસરણ–સંમેલન છે. સમવસરણ એટલે એકત્રિત થવું, ભેગા થવું. અહીં તીર્થંકર પરમાત્માના

સમવસરણ (ધર્મસભા) નું કથન નથી, પરંતુ એકાંતવાદી અન્ય મતોમાંથી એકાંત દૂર કરી અનેકાંતદષ્ટિએ તેઓનો મેળ કરી, સ્વીકારવાનું કથન છે.

ક્રિયાવાદી એકાંતે આત્માને નિત્ય માને છે. તેઓ જીવાદિ પદાર્થના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, પરંતુ તેઓના મતે ક્રિયા જ મોક્ષમાર્ગ છે. અક્રિયાવાદીઓ જીવાદિ પદાર્થોના અસ્તિત્વનો નિષેધ કરે છે. તેઓ અક્રિયાને મોક્ષમાર્ગ કહે છે. અજ્ઞાનવાદીઓ જ્ઞાનનો નિષેધ કરે છે. તેઓના મતે અજ્ઞાન જ શ્રેષ્ઠ છે. અજ્ઞાનના કારણે કર્મબંધ થતો નથી અને જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે. વિનયવાદીઓ એકાંતે વિનયનો સ્વીકાર કરે છે. કૂતરા, બિલાડા, ક્ષૂદ્ર જંતુઓ બધામાં જીવ સમાન છે માટે તે સર્વનો વિનય કરવાથી જ મોક્ષ મળે છે, તેવી તેઓની માન્યતા છે. તેઓની આ માન્યતાઓ મિથ્યા છે. ક્રિયા સાથે જ્ઞાનની આવશ્યકતા છે. જ્ઞાન રહિતની માત્ર ક્રિયા કે ક્રિયા રહિતના માત્ર જ્ઞાનથી કાર્ય સિદ્ધ થતું નથી. તીર્થંકરોએ જ્ઞાન અને ક્રિયા બંનેથી મોક્ષ કહ્યો છે. આ લોકમાં તીર્થંકરો નેત્ર સમાન છે. તેઓ સાપેક્ષરૂપે અક્રિયાનો પણ સ્વીકાર કરે છે. સર્વ કર્મનો ક્રમશઃ ક્ષય કરતો જીવ અંતે સર્વથા અક્રિય (અયોગી) અવસ્થાને પ્રાપ્ત થાય છે.

સાધક પાપકર્મથી નિવૃત્ત (અક્રિય) થાય છે અને સંયમ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત (સક્રિય) રહે છે. જે સાધુ આત્મવાદ, ભોગવાદ, કર્મવાદને જાણે છે, તે જ ક્રિયાવાદના જ્ઞાતા અને ઉપદેષ્ટા છે. એકાંતવાદમાં જે પરમાર્થ છે, તેનો નિશ્ચય કરી, સમન્વય કરી, સાપેક્ષભાવે તેનો સ્વીકાર કરવો, તે ન્યાયસંગત છે.

## અધ્યયન–૧૩ : યથાતથ્ય

આ અધ્યયનમાં ૨૩ ગાથાઓ છે. આ અધ્યયનમાં સાધુઓના જ્ઞાન, શીલ વગેરે તથ્યો (ગુણો)નું અને અસાધુના સ્વરૂપનું યથાતથ્ય (વાસ્તવિક) વર્ણન છે.

સુસાધુ ગુર્વાજ્ઞા અને સૂત્રાનુસારી પ્રવૃત્તિ કરે છે, જીવાદિ તત્ત્વો ઉપર દઢ શ્રદ્ધા રાખે છે, અનાચાર સેવનમાં લજ્જિત થાય છે, માયાચાર રહિત હોય છે, મૃદુભાષી વિનયવાન હોય છે, નિંદા–પ્રશંસામાં સમ રહે છે. તેઓ જ્ઞાન, તપ, જાતિ આદિનું અભિમાન કરતાં નથી, શુદ્ધ ભિક્ષાથી જીવન નિર્વાહ કરે છે, પ્રશસ્ત લેશ્યા સંપન્ન હોય છે. સાધુએ સર્વજ્ઞ કથિત સિદ્ધાંતોને, શ્રોતાના અભિપ્રાયને, શ્રોતાની આજીવિકા, વ્યવસાય, આચરણ વગેરે જાણીને પછી જ ઉપદેશ આપવો જોઈએ. ધર્મોપદેશ કોઈ સાંભળે ન સાંભળે, તદનુસાર આચરણ કરે ન કરે, તેના ઉપર

પ્રસન્ન-અપ્રસન્ન ન થાય, તેનું પ્રિય-અપ્રિય ન કરે, આ સાધુના યથાર્થ (યથાતથ્ય) લક્ષણો છે.

ઉચ્ચ આચારવાન હોવા છતાં જે સાધુ તેનો ગર્વ કરે છે, પ્રશંસા-પ્રસિદ્ધિની આકાંક્ષા રાખે છે, તેના ગુણો અતથ્ય થઈ જાય છે. કોઈ સાધુ ભાષાવિદ્, પ્રતિભાસંપન્ન, શાસ્ત્રવિશારદ હોવા છતાં તે ગુણોનો મદ કરીને, અભિમાન કરીને અન્યનો તિરસ્કાર કરે, નિંદા કરે, તો તેના તે તથ્યગુણો અતથ્ય થઈ જાય છે.

## અધ્યયન-૧૪ : ગ્રંથ

આ અધ્યયનમાં ૨૭ ગાથાઓ છે. આ અધ્યયનમાં પરિગ્રહ રૂપી ગ્રંથી-ગ્રંથ (ગાંઠ) થી રહિત એવા નિર્ગંથ ગુરુ અને શિષ્યની પ્રવૃત્તિ, કર્તવ્ય આદિનું વર્ણન છે. બાહ્ય-આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરીને પ્રવ્રજિત થનારા સાધુ ગુરુ પાસેથી શાસ્ત્રજ્ઞાન રૂપ ગ્રહણશિક્ષા અને આચરણના જ્ઞાનરૂપ આસેવનશિક્ષા પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત અધ્યયનમાં ગુરુકુલવાસનું મહત્ત્વ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. ઉડવામાં અસમર્થ પક્ષીના બચ્ચા માટે પોતાનો માળો સુરક્ષિત સ્થાન છે. જો તે માળામાંથી બહાર નીકળી જાય તો માંસલોલુપી પક્ષીઓનો શિકાર બને છે. તેમ નવદીક્ષિત સાધુ માટે ગુરુકુલવાસ સુરક્ષિત સ્થાન છે.

અપરિપકવ સાધુ ગચ્છમાંથી બહાર નીકળી જાય તો અન્યતીર્થિકો તેને ધર્મભ્રષ્ટ કરે છે. ગુરુકુલવાસથી સાધુ કાયોત્સર્ગ, શયનાસન, તપશ્ચરણ, યમ-નિયમ, ત્યાગ આદિમાં પુષ્ટ બની જાય છે.

ગુરુકુલવાસી સાધુએ વિષય-વિકથાદિથી દૂર રહેવું જોઈએ. કોઈ ભૂલ થઈ જાય અને નાના-મોટા કોઈ હિતશિક્ષા આપે તો પ્રતિવાદ ન કરે. હિતશિક્ષાને શ્રેયકારી સમજે અને તેઓનો ઉપકાર માની સત્કાર કરે. ગુરુ સાંનિધ્યમાં રહી વાચના-પૃચ્છનાદિ દ્વારા જ્ઞાનને હૃદયંગમ કરી શાસ્ત્રમાં વિશારદ બને. ગુરુકુલવાસમાં રહી પરિપકવ થયેલા ગીતાર્થ સાધુ સ્વ-પરને હિતકારી ઉપદેશ આપે અને તે સમયે શાસ્ત્રના અર્થને છૂપાવે નહીં જીવહિંસાની સંભાવના હોય તેવા આશીર્વાદ આપે નહીં. ધનવાન હોય કે નિર્ધન હોય, તે સર્વને સમાનરૂપે ધર્મનું કથન કરે છે.

## અધ્યયન-૧૫ : યમકીય

આ અધ્યયનમાં ૨૫ ગાથા છે. આ અધ્યયનમાં ‘યમક’ અલંકારનો પ્રયોગ છે, તેથી તેનું ‘યમકીય’ નામ નિશ્ચિત થયું છે. તીર્થંકરો જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી ત્રિકાળજ્ઞ-પૂર્ણજ્ઞાની બને છે. તેઓના એક-એક વચન પરમ હિતકારી હોય છે. તેઓ દ્વારા કથિત

મૈત્રી આદિ ચાર ભાવના, અનિત્યાદિ બાર ભાવનાઓ, મહાવ્રતોની પચીસ ભાવનાઓ વગેરે ભાવનાયોગથી સંસાર સમુદ્રને પાર કરી દુઃખોથી મુકત બને છે.

જે સાધક નવા કર્મ કરતા નથી તેના પૂર્વકર્મ નાશ પામે છે. હવા જેમ અગ્નિજ્વાળાઓનું ઉલ્લંઘન કરી આગળ નીકળી જાય છે, તેમ નૂતન કર્મથી વિરત સાધક કામભોગોનું ઉલ્લંઘન કરે છે. ડુકકર આદિને પ્રલોભનમાં નાંખી મૃત્યુના મુખમાં પહોંચાડનારા ચોખાના દાણા જેવા કામસંગમાં સાધક લીન થતાં નથી અને પરિણામે આશ્રવદ્વાર બંધ કરી મોક્ષાભિમુખતાને પ્રાપ્ત થાય છે.

અસ્ત્રાનો અંતિમ ભાગ કાર્યકારી છે, ચક્રના અંતિમ ભાગ(ધાર)થી રથ ચાલે છે, તેમ મોહનીય કર્મનો અંત જ સંસારનો અંત કરે છે. મોહનીય કર્મનો અંત કરીને મનુષ્ય જ સિદ્ધગતિ મેળવી શકે છે. દેવાદિ ગતિવાળા મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. મનુષ્યોમાં પણ મોક્ષ પ્રાપ્તિ માટે સંબોધિ અને સંબોધિ માટે આંતર પરિણતિ (લેશ્યા)ની પ્રાપ્તિ દુર્લભ છે.

જિનેશ્વર કથિત ધર્મના પાલન દ્વારા નિર્વાણ પ્રાપ્ત થાય છે. પંડિતવીર્ય દ્વારા સંચિત કર્મ નષ્ટ થાય છે અને નવા કર્મ ઉપાર્જિત થતાં નથી. જ્ઞાન, દર્શન, ચરિત્રરૂપ,

રત્નત્રયના માર્ગે ચાલી અનેકવીર પુરુષો સંસારને પાર કરી ગયા છે, કરે છે અને કરશે.

## અધ્યયન–૧૬ : ગાથા

આ અધ્યયન ગદ્યાત્મક પાંચ સૂત્રમય છે. આ અધ્યયનમાં પૂર્વના પંદર અધ્યયન કથિત ક્ષમાદિ ગુણોનું વર્ણન ગાથા (પ્રશંસા) રૂપે કહેવામાં આવેલ છે. સંયમી આત્માને માહણ, શ્રમણ, ભિક્ષુ કે નિર્ગ્રંથ કહેવામાં આવે છે.

માહણ–મા+હણ=કોઈ પણ પ્રાણીને હણો નહીં. જે ત્રસ–સ્થાવર, સૂક્ષ્મ–બાદર આદિ પ્રાણીઓની દ્રવ્યહિંસા કે ભાવહિંસા કરતા નથી, તે માહણ કહેવાય છે. ૧૮ પાપથી વિરતિ, રાગ–દ્વેષ ન કરવા, કલહ–નિંદા ન કરવા વગેર માહણના લક્ષણો ભાવ હિંસાનું નિવારણ કરે છે.

કર્મક્ષય માટે શ્રમ કરે, તપશ્ચરણ કરે તે **શ્રમણ**, કષાયોનું ઉપશમન કરે તે **શમણ** અને પ્રાણી માત્ર પર સમભાવ રાખે તે **સમણ**. નસીબ આદિના આશ્રયે ન રહેવા રૂપ–અનિશ્રિતતા, તપના ફળને ન માંગવા રૂપ અનિદાનતા વગેરે તેના લક્ષણો છે.

ભિક્ષાજીવી સાધુ **ભિક્ષુ** કહેવાય છે. સાધુ મોક્ષમાર્ગની સાધનાના પુરૂષાર્થ માટે, સંયમના પાલન માટે

ભિક્ષા ગ્રહણ કરે છે. સાધુ પરદત્ત ભોજી હોય છે. અહિંસાની દષ્ટિએ સાધુ સ્વયં ભોજન બનાવતા નથી. અપરિગ્રહની દષ્ટિએ ભોજનનો સંગ્રહ કરતા નથી. અચૌર્ય દષ્ટિએ ગૃહસ્થોને પૂછ્યા વિના કોઈ પાસેથી ઝૂંટવીને કે ચોરીને આહર લેતા નથી. નિરામિષ-માંસાહાર નહીં કરનારા ગૃહસ્થને ત્યાંથી નિર્દોષ અચિત્ત, કલ્પનીય, અપાયેલો આહર ગ્રહણ કરે છે.

બાહ્ય-આભ્યંતર ગ્રંથી (ગાંઠ)થી રહિત હોય તે **નિર્ગંથ** કહેવાય છે. આકાંક્ષા, વિષમભાવ વગેરે ગ્રંથીઓ સંયમને નિઃસાર બનાવે છે. દ્રવ્યથી કોઈની સહાય ન લેવી, ભાવથી રાગ-દ્વેષ રહિત એકાકી રહેવું, બુદ્ધ-જાગૃતતા, છિન્ન સ્રોત-આશ્રવદ્વારને રોકવા વગેરે તેના લક્ષણો છે.

## બીજો શ્રુતસ્કંધ (વિભાગ)

### અધ્યયન-૧ : પુંડરીક

આ અધ્યયન ગદ્યાત્મક ૬૭ સૂત્રમય છે. આ અધ્યયનમાં પુંડરીક અર્થાત્ શ્વેત કમળના રૂપક દ્વારા અનાસકત, નિર્લેપ સાધકનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ અધ્યયનનાં વિષયવર્ણનમાં પુંડરીક કેન્દ્રસ્થાને છે.

એક વિશાળ તળવાની મધ્યમાં એક કમળ

(પુંડરીક) ખીલ્યું છે. તેને પ્રાપ્ત કરવા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, આ ચાર દિશામાંથી ચાર પુરુષો આવ્યા અને તે કમળ લેવા તળાવમાં ઉતર્યા. આ ચારે પુરુષો તળાવના કીચડમાં ફસાઈ ગયા અને કમળ પ્રાપ્ત કરી શકયા નહીં. ત્યાર પછી એક પાંચમો નિઃસ્પૃહ પુરુષ આવ્યો. તેને કાંઠે ઊભા રહીને શબ્દોચ્ચાર (મંત્રોચ્ચાર) કરી કમળને બોલાવ્યું અને તેને કમળને મેળવી લીધું.

આ સંસારરૂપી તળાવના વિષય-વાસના અને આસક્તિરૂપી કીચડમાં અન્યતીર્થિકો ફસાઈ જાય છે અને નિર્વાણ રૂપી કમળ મેળવી શકતા નથી. વીતરાગ વચનોના આધારે સાધુ નિર્વાણ રૂપી કમળને પ્રાપ્ત કરે છે.

આ લોકમાં અનેક મનુષ્યો નિર્વાણરૂપી કમળથી આકર્ષિત થઈને તેને મેળવવા પુરૂષાર્થ કરે છે. તેમાંથી જે વિષયોની આસક્તિના કીચડમાં ફસાઈ જાય છે, તે નિર્વાણને પ્રાપ્ત કરી શકતા નથી. જે અનાસકત, નિઃસ્પૃહ અને અહિંસાદિ મહાવ્રતોનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે, તેઓ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

## અધ્યયન-૨ : ક્રિયા સ્થાન

આ અધ્યયન ગદ્યાત્મક ૬૮ સૂત્રમય છે. આ અધ્યયનમાં સંસારવર્ધક, કષાયયુકત બાર ક્રિયાસ્થાનો અને

કષાય રહિત એક ક્રિયાસ્થાન, એમ કુલ ૧૩ ક્રિયા સ્થાનોનું વર્ણન છે. કર્મબંધકારી ક્રિયા–પ્રવૃત્તિઓને તથા કર્મના ઉપાદાન અને નિમિત્ત કારણોને ક્રિયાસ્થાન કહે છે. યથા (૧) **અર્થદંડ** – પ્રયોજનપૂર્વક ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરવી (૨) **અનર્થદંડ** – નિષ્પ્રયોજન ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરવી. (૩) **હિંસાદંડ** – ભૂતકાળના વેરને યાદ કરી, વર્તમાન વેરને નજર સમક્ષ રાખી, ભવિષ્યના વેરની આશંકાથી હિંસા કરવી. (૪) **અકસ્માત દંડ** – કોઈ એક જીવની હિંસાનું લક્ષ્ય હોય અને અચાનક અન્ય જીવની હિંસા થઈ જાય, જેમ કે મૃગને મારવા જતાં પક્ષી આદિ વિંધાય જાય. (૫) **દષ્ટિ વિપયાર્સ દંડ** – દષ્ટ ભ્રમથી હિંસા કરવી, જેમ કે મિત્રને શત્રુ માની મારી નાંખવો. (૬) **મૃષા પ્રત્યયિક** – અસત્ય બોલવું (૭) **અદત્તાદાન પ્રત્યયિક** – માલિકની અનુમતિ કે સહમતિ વિના વસ્તુ ગ્રહણ કરવી. (૮) **અધ્યાત્મ પ્રત્યયિક** – ચિંતા, ક્રોધાદિ અપ્રશસ્ત પરિણામ કરવા (૯) **માન પ્રત્યયિક** – જાતિ, કુળ, બળ, જ્ઞાન, તપ વગેરેનું અભિમાન કરવું (૧૦) **મિત્રદોષ પ્રત્યયિક** – સ્વજનોના નાના અપરાધોનો ભારે દંડ આપવો. (૧૧) **માયા પ્રત્યયિક** – બીજાને છેતરવા રૂપ માયા, છળ, કપટ કરવા. (૧૨) **લોભ**

**પ્રત્યયિક** – વિષયોની પ્રાપ્તિ, તેનું સંરક્ષણ, સ્ત્રીમાં મૂર્છાભાવ રૂપ લોભજન્ય પ્રવૃત્તિઓ કરવી.
(૧૩) **ઐર્યાપથિક** – વીતરાગી આત્માઓની યોગ પ્રવૃત્તિઓ.

ક્રિયાવાદી આદિ અહિંસાધર્મની પૂર્ણ આરાધના કરી શકતા નથી, સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણી, આત્મસમ વ્યવહાર કરવો તે સર્વ ધર્મનો સાર છે.

## અધ્યયન–૩ : આહાર પરિજ્ઞા

આ અધ્યયન ગદ્યાત્મક ૨૯ સૂત્રમય છે. આ અધ્યયનમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યના ઉત્પત્તિ સમયના આહારનું વર્ણન છે. સાધકે જ્ઞપરિજ્ઞાથી આહારના સ્વરૂપને જાણી પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી આહાર આસકિતનો ત્યાગ કરવો જોઈએ. શરીરના નિર્માણ માટે, શરીરને ટકાવી રાખવા જીવ જે પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તે આહાર કહેવાય છે.

જીવો કર્મોદય અનુસાર ત્રસ–સ્થાવર જીવોના સચેત–અચેત શરીરમાં ઉત્પન્ન થઈ, ત્યાંની સ્નિગ્ધતાનો આહાર કરી પોતાનું શરીર નિર્મિત કરે છે અને તત્પશ્ચાત ક્રમશઃ વૃદ્ધિ પામતા પૃથ્વી આદિનો આહાર કરી શરીર રૂપે

પરિણત કરે છે. ઉત્પતિ સમયે જે કાયના આશ્રયે ઉત્પન્ન થાય છે તે જીવ તે તે યોનિક કહેવાય છે. જેમ કે સર્પના મસ્તક પરનો મણિ ત્રસયોનિક પૃથ્વીકાય, મીઠું અપ્‌યોનિક પૃથ્વીકાય છે. પત્થરના ઘર્ષણથી ઉત્પન્ન અગ્નિ પૃથ્વી યોનિક, શીંગડાના ઘર્ષણથી ઉત્પન્ન અગ્નિ ત્રસયોનિક અગ્નિ છે. પૃથ્વી પર ઉગેલું વૃક્ષ પૃથ્વીયોનિક, પાણીમાં ઉગેલી સેવાળ અપ્‌યોનિક વનસ્પતિ છે. પૃથ્વીમાં ઉત્પન્ન અળસિયાદિ પૃથ્વીયોનિક ત્રસ છે.

ગર્ભજ મનુષ્ય – તિર્યંચ પંચેન્દ્રિય જીવો સર્વ પ્રથમ માતા – પિતાના સંયુકત થયેલા રજ – વીર્યના પુદગલોનો આહાર કરે છે અને તત્પશ્ચાત ઈંડાવાળા જીવો પાણી, વાયુ, આદિનો આહાર કરે છે, મનુષ્ય તથા જરાયુ જન્મવાળા તિર્યંચપચેન્દ્રિય જીવો જન્મ પછી માતાના દૂધનો આહાર કરે છે.

## અધ્યયન–૪ : પ્રત્યાખ્યાન ક્રિયા

આ અધ્યયન ગદ્યાત્મક ૧૧ સૂત્રમય છે. આ અધ્યયનમાં પ્રત્યાખ્યાન ગ્રહણની મહત્તા અને પ્રત્યાખ્યાની –અપ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. અઢાર પાપસ્થાન, ચાર આહાર આદિના ત્યાગનો સંકલ્પ કરી તેની પ્રતિજ્ઞા કરવી તને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

જેણે પાપકર્મોનો ત્યાગ કે ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો નથી, તે અપ્રત્યાખ્યાની કહેવાય છે. અપ્રત્યાખ્યાની હિંસાદિ પાપનું સેવન કરે કે ન કરે, તેને પાપકર્મનો બંધ થતો રહે છે. જેમ કોઈ હત્યારો અન્ય પુરુષની હત્યા કરવા ઈચ્છતો હોય, તેને હજુ હત્યા કરી નથી, હત્યાની તક મળી નથી, તો પણ હત્યાના ભાવ છોડયા ન હોય ત્યાં સુધી તે હત્યારો જ કહેવાય છે, તેમ સમજણપૂર્વક પાપપ્રવૃત્તિનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે અપ્રત્યાખ્યાની કહેવાય છે અને તેને પાપકર્મનો બંધ થતો રહે છે. જેમ ઈલેકટ્રીક કનેકશન લીધા પછી લાઈટ, પંખા આદિ કરે કે ન કરે, તેમાં વીજળી પ્રવાહ વહેતો રહે છે. કનેકશન કટ કર્યા પછી વિદ્યુતપ્રવાહ વહેતો નથી. પ્રખ્યાખ્યાન પાપકર્મના આવતા પ્રવાહને અટકાવે છે. પૂર્વકૃત પાપકર્મોનું પ્રતિક્રમણ કરી આત્મસાક્ષીએ નિંદા, ગુરુસાક્ષીએ ગર્હા કરી, પાપકર્મનો ત્યાગ કરવો જોઈએ.

## અધ્યયન–પ : આચારશ્રુત

આ અધ્યયનમાં ૩૩ ગાથઓ છે. અધ્યયનમાં આચાર શુદ્ધિના ઉદ્દેશ્યથી અનાચાર ત્યાગનો ઉપદેશ સંગ્રહિત છે. આચારને પ્રદર્શિત કરતા શાસ્ત્રને આચારશ્રુત

કહે છે. ન આચારવા યોગ્ય કૃત્યો અનાચાર કહેવાય છે. વિપરીત શ્રદ્ધા, વિપરીત બોધ અને વિપરીત આચરણ, ત્રણે ય અનાચાર રૂપ છે. અનાચારનું મૂળભૂત કારણ એકાંત દષ્ટિકોણ છે, તેથી અહીં લોક એકાંતે નિત્ય છે, એકાંતે અનિત્ય છે, સર્વ તીર્થંકરોનો એકાંતે વિચ્છેદ થશે કે એકાંતે વિચ્છેદ નહીં થાય, વગેરે એકાંતિક વચનોને અનાચાર કહ્યા છે.

આ વચનો મિથ્યા છે કારણ કે લોક દ્રવ્ય દષ્ટિએ નિત્ય છે અને પર્યાય દષ્ટિએ અનિત્ય છે, ભરત–ઐરવત ક્ષેત્રમાં તીર્થંકરોનો વિચ્છેદ થાય છે, મહાવિદેહક્ષેત્રમાં વિચ્છેદ થતો નથી.

આસ્તિકતા આચાર છે અને નાસ્તિકતા અનાચાર છે. જીવાદિ તત્ત્વોના સ્વતંત્ર અસ્તિત્વને સ્વીકારતા નથી, તે નાસ્તિક છે, મિથ્યાત્વી છે. અહીં લોક–અલોક, જીવ–અજીવ, ધર્મ–અધર્મ, બંધ–મોક્ષ, પુણ્ય–પાપ, આશ્રવ–સંવર વગેરેનો અસ્તિત્વના સ્વીકારનું કથન છે.

એકાંતિક ભાષાના પ્રયોગથી મોક્ષમાર્ગની વિરાધના થાય છે અને અનેકાંતિક ભાષાના પ્રયોગથી મોક્ષ માર્ગની આરાધના થાય છે. અનેકાંતિક, નિરવદ્ય પાપરહિત ભાષાપ્રયોગ દ્વારા આચારશુદ્ધિ થાય છે.

## અધ્યયન–૬ : આર્દ્રકીય

આ અધ્યયનમાં ૫૫ ગાથાઓ છે. આ અધ્યયનમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પરંપરામાં અનાર્યદેશમાં જન્મેલા અને સ્વયંમેવ દીક્ષિત થયેલા આર્દ્રક મુનિના અન્યતીર્થકો સાથે થયેલા વાદનું વર્ણન છે. આર્દ્રક મુનિને ક્રમશઃ ગોશાલક, બૌદ્ધ ભિક્ષુઓ, વેદાંતપાઠી બ્રાહ્મણો, સાંખ્ય મતવાદીઓ અને હસ્તિતાપસોનો સમાગમ થયો. તે દરેક દાર્શનિકોએ આર્દ્રકમુનિને પોતાના મતમાં આકર્ષિત કરવા વિવિધ પ્રયત્નો કર્યા, પરંતુ આર્દ્રકમુનિ સ્વધર્મમાં દઢ, શ્રદ્ધાવાન, જ્ઞાનસંપન્ન અને ચારિત્રમાં પરિપકવ હોવાથી તે દાર્શનિકોને પરાજિત કરી સ્વધર્મના સિદ્ધાંતો સમજાવ્યા.

**ગોશાલક**– શ્રમણ મહાવીર પહેલાં મૌન ધારણ કરી તપ કરતા એકાકી વિચરતા હતા. હવે ધર્મોપદેશ આપે છે, તપ કરતા નથી. શિષ્ય સમુદાય સાથે જનસમૂહમાં રહે છે. તેઓએ પોતાની આજીવિકા ચલાવવા આવું પરિવર્તન કર્યું છે. તેઓનો પૂર્વ–પશ્ચાત્‌નો આવો વિરોધી વ્યવહાર ચિત્તની અસ્થિરતાને પ્રગટ કરે છે. **આર્દ્રક મુનિ**–ભગવાન જિનનામ કર્મના ઉદયે ધર્મોપદેશ આપે છે અને વીતરાગી બની જવાથી તેમની ભાષા દોષનું નહીં, લાભનું કારણ બને

છે. ઘાતિ કર્મોનો ક્ષય થઈ જવાથી, કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધ થઈ જવાથી હવે તેઓને તપની આવશ્યકતા નથી. તેમના પુણ્ય પ્રભાવે દેવો સમવસરણાદિ વૈભવ પ્રદર્શિત કરે છે. ભગવાન તેમાં અંશમાત્ર લિપ્ત થતાં નથી, વ્યકિતનો માપદંડ બાહ્ય વ્યવહાર નથી. તેમની પહેલાંની કે પછીની, સર્વ પ્રવૃત્તિઓ કર્મક્ષયના લક્ષે જ થતી હોય છે, તેમાં ચંચળતા કે અસ્થિરતા નથી. **ગોશાલક**–જનસંપર્ક છોડી, એકાંત નિવાસ કરી સચિત જલ, સ્ત્રી સંગ, આદિ કરવામાં પાપકર્મનો બંધ નથી. **આર્દ્રકમુનિ** : કર્મબંધનો આધાર જનસંપર્ક કે એકાંત વાસ નથી, કર્મબંધનું મુખ્ય કારણ આસકિત છે.

**ગોશાલક** – સર્વ દાર્શનિકો પુણ્ય–પાપ, ધર્મ કે મોક્ષને માર્ગ બતાવે છે, તમે તેનું ખંડન કરી નિંદા કરી, અહંકાર પ્રદર્શિત કરો છો. **આર્દ્રકમુનિ** – અમે કોઈ વ્યકિતની નિંદા કરતા નથી. એકાંત દષ્ટિકોણમાં સંપૂર્ણ સત્યતા હોતી નથી, તે બતાવી તે સર્વને અમે અનેકાંતમાં સમાવી લઈએ છીએ. **ગૌશાલક** – મહાવીર ડરપોક છે. પ્રશ્ન ચર્ચાના ડરથી સાર્વજનિક સ્થાનમાં રહેતા નથી. **આર્દ્રકમુનિ** –ભગવાન સંપૂર્ણ રીતે નિર્ભય છે. તેઓ ત્રિકાલજ્ઞાતા છે, તેથી વ્યકિતના લાભને જોઈ નિષ્પક્ષભાવે ઉત્તર આપે અન્યથા

મૌન રહે છે. ભગવાન ઉત્તર આપે કે ન આપે, લોકો સાથે પ્રશ્ન ચર્ચા કરે કે ન કરે તેમાં રાગ, દ્વેષ કે ભયની સંભાવના નથી. **ગોશાલક** – વણિક પોતાના માલના વેચાણ માટે દેશ-પરદેશ ફરે છે, તેમ મહાવીર પૂજા, પ્રતિષ્ઠા, આહારાદિના લાભ માટે ગામોગામ વિચરે છે.
**મુનિ** – ભગવાનની પ્રત્યેક પ્રવૃત્તિ આત્મલાભ માટે જ હોય છે. ભગવાન નિષ્પ્રયોજન એક પણ પ્રવૃત્તિ કરતા નથી. આ દષ્ટિએ તેઓ વ્યાપારી સમાન છે. વ્યાપારી છદ્મસ્થ છે, મમત્વથી બંધાયેલા, આરંભ પરિગ્રહી હોય છે. પ્રભુ વીતરાગી, નિર્મમત્વી, અપરિગ્રહી છે, આ દષ્ટિએ ભગવાન વ્યાપારી નથી.

શાકય (બૌદ્ધ) ભિક્ષુએ આર્દ્રકમુનિ સાથે ચર્ચા કરતા કહ્યું **શાકયભિક્ષુ** – કોઈ વ્યકિત બાળકને તુંબડું અને અને મનુષ્યને ખોળપિંડ માનીને મારે, તો તેમાં મનુષ્ય કે બાળકને મારવાની બુદ્ધિ ન હોવાથી તેને હિંસાનો દોષ લાગતો નથી, તે માંસ પણ અશુદ્ધ ન કહેવાય. તે વ્યકિત ૨૦૦૦ શાકય ભિક્ષુઓને તેવું ભોજન કરાવે, તો તે મહાપુણ્ય ઉપાર્જન કરે છે અને ઉત્તમ દેવલોકને પામે છે. **આર્દ્રકમુનિ** – ભૂલથી પણ પ્રાણીઘાત થાય, તો પણ હિંસા તો હિંસા જ કહેવાય અને તેવા ભોજનને નિર્દોષ કહી ન

શકાય. ભૂલ તો કયારેક થાય ૨૦૦૦ ભિક્ષુઓના ભોજન માટે પર્યાપ્ત માંસ ભૂલથી કેમ પ્રાપ્ત થાય ? માટે ભિક્ષુઓને માંસાહારનું ભોજન કરાવનારા ગૃહસ્થ અસયંમી અને હિંસક જ છે. ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ તો સંયમ–તપની આરાધનાજનિત પુણ્યથી જ શકય છે.

વેદાંતપાઠી બ્રાહ્મણોએ આર્દ્રક મુનિ સાથે ચર્ચા કરતા કહ્યું **વેદાંતપાઠી બ્રાહ્મણો** – આ જગતમાં બ્રાહ્મણ જ શ્રેષ્ઠ છે. ક્ષત્રિયોએ તેમની સેવા કરવી જોઈએ. જે મનુષ્ય ૨૦૦૦ બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તે ઉત્તમ દેવલોકને પ્રાપ્ત કરે છે. **આર્દ્રકમુનિ** – ક્ષત્રિયોના ઘરમાં ફરતા માંસ લોલુપી બ્રાહ્મણોને ભોજન કરાવવામાં હિંસાની જ અનુમોદના થાય છે. હિંસા કરવી, કરાવવી, અનુમોદના કરવી, તે ત્રણે દુર્ગતિના કારણ રૂપ છે.

સાંખ્યવાદીઓએ આર્દ્રક મુનિને કહ્યું **સાંખ્યવાદી** – આપણા બંનેના ધર્મમાં ખાસ અંતર નથી, આપણે ધર્મમાં સમ્યગરૂપે ઉદ્યમવંત છીએ. આત્મા સર્વલોક વ્યાપી, સનાતન, અક્ષય અને અવ્યય છે. **આર્દ્રકમુનિ** – આપણા બંનેના સિદ્ધાંતો તુલ્ય નથી. તમે એકાંતવાદી છો, અમે અનેકાંતવાદી છીએ. કેવળજ્ઞાનીના સિદ્ધાંતો જ ત્રૈકાલિક સત્ય હોય છે. એક આત્મા જ સર્વત્ર વ્યાપક હોય, એકાંતે

નિત્ય હોય તો, વિવિધ ગતિઓ અને વિવિધ ગતિઓમાં જીવનું પરિભ્રમણ સંભવે નહીં માટે આત્મા દ્રવ્ય અપેક્ષાએ અનિત્ય માનવો જોઈએ.

હસ્તિતાપસોએ આર્દ્રક મુનિને કહ્યું **હસ્તિતાપસો** – અન્ય અનેક જીવોની દયા માટે અમે વર્ષમાં એકવાર મોટા હાથીને મારીને એક વર્ષ સુધી તેના માંસથી જીવન નિર્વાહ કરીએ છીએ. અમે એક જ જીવને મારીએ છીએ. બીજા અનેકને બચાવીએ છીએ. અનેકના જીવન બચાવતા હોવાથી અમે દોષિત બનતા નથી. **આર્દ્રકમુનિ** – હિંસા–અહિંસાની ન્યૂનાધિકતાનો માપદંડ મૃત જીવોની સંખ્યા નથી, પરંતુ તેનો આધાર જીવની ચેતના, ઈંદ્રિય, મન આદિનો વિકાસ અને મરનાર વ્યકિતના તીવ્ર–મંદ પરિણામો છે. એકેંદ્રિય, બેઈંદ્રિયથી લઈ પંચેન્દ્રિય જીવોની હિંસામાં ક્રમશઃ પરિણામોની તીવ્રતા વધુ હોય છે. પરિણામોની તીવ્રતા વધુ તેમ કર્મ બંધ વધુ થાય છે. તમે આખા વર્ષમાં એક જ હાથી મારવા એક જીવની જ હિંસા કરો છો, તેમ નથી. તમે પણ ઘણા જીવોની હિંસા કરો છો. તે હાથીના આશ્રયે રહેલા અને માંસાદિમાં ઉત્પન્ન થતાં અનેક ત્રસ–સ્થાવર, સંમૂર્ચ્છિમ જીવોની હિંસાના ભાગીદાર બનો છો. વાસ્તવમાં અહિંસા મહાવ્રતના

આરાધક સાધુ જ અહિંસાની આરાધના દ્વારા સ્વ–પરનું કલ્યાણ સાધી શકે છે.

## અધ્યયન–૭ : નાલંદીય

આ અધ્યયન ગદ્યાત્મક ૪૧ સૂત્રમય છે. આ અધ્યયનમાં ભગવાન પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના ઉદક પેઢાલપુત્ર નામના અણગાર અને ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ અણગાર ગૌતમસ્વામી વચ્ચે થયેલા વાર્તાલાપનું પ્રરૂપણ છે. આ વાર્તાલાપ રાજગૃહી નગરના નાલંદા નામના ઉપનગરમાં થયો હોવાથી આ અધ્યયન 'નાલંદીય' કહેવાય છે.

ઉદક પેઢાલ નિર્ગ્રંથે પ્રશ્ન રજૂ કર્યા તેમાં બે મુદ્દા સ્પષ્ટ થાય છે કે (૧) શ્રાવકો અહિંસા વ્રતના પ્રત્યાખ્યાન સમયે ત્રસ જીવોની હિંસાના પ્રખ્યાખ્યાન કરે છે, પરંતુ તે ત્રસ જીવો આયુષ્ય પૂર્ણ કરી સ્થાવર રૂપે જન્મ ધારણ કરે ત્યારે તેની (તે સ્થાવર જીવોની) હિંસાનો ત્યાગ કરી શકતા નથી, તેથી આવા પ્રત્યાખ્યાન કરનાર–કરાવનારને પ્રતિજ્ઞા ભંગનો દોષ લાગે છે, તે પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન થઈ જાય છે, માટે 'ત્રસજીવોની હિંસાનો ત્યાગ' તેવા શબ્દોનું ઉચ્ચારણ કરવું ન જોઈએ. પરંતુ 'ત્રસભૂત' અર્થાત્ વર્તમાનમાં ત્રસ પર્યાયમાં વર્તી રહેલા જીવોની હિંસાનો

ત્યાગ કરું છું, તેવી ભાષાનો પ્રયોગ કરવો જોઈએ.
(૨) જગતના જીવો પરિવર્તન શીલ છે, તેથી કયારેક બધા જ ત્રસ જીવો સ્થાવર થઈ જાય, તો શ્રાવકના પ્રત્યાખ્યાન નિર્વિષય બની જાય, માટે 'ત્રસભૂત' શબ્દ પ્રયોગ દ્વારા વર્તમાનમાં ત્રસ રૂપે રહેલા જીવોની હિંસાનો ત્યાગ કરવો જોઈએ. ગૌતમસ્વામી તેનો ઉત્તર આપતા જણાવે છે કે સર્વ પ્રાણી પરિવર્તન શીલ છે. ત્રસ, પ્રાણી સ્થાવર રૂપે, અને સ્થાવર જીવો ત્રસ રૂપે જન્મ ધારણ કરતાં રહે છે. ત્રસ જીવો સ્થાવરપણે ઉત્પન્ન થાય ત્યારે તે ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરનાર પુરુષો દ્વારા હનન યોગ્ય રહેતા નથી, કારણ કે તે પુરુષે ત્રસ જીવોને હણવાના પ્રત્યાખ્યાન કર્યા છે નહીં કે સ્થાવર જીવોના, ત્રસ સાથે ભૂત શબ્દ લગાડવાથી નવા સ્થાવરમાંથી ત્રસપણાને પ્રાપ્ત જીવો હણન યોગ્ય થઈ જશે કારણ કે પ્રત્યાખ્યાન લેવાના સમયે તે સ્થાવર રૂપ હતા. વાસ્તવમાં ત્રસ કહો કે ત્રસભૂત કહો, બંનેનો અર્થ એક જ છે, બંને એકાર્થક શબ્દ છે. ત્રસ પર્યાયમાં હોય તે જ જીવો ત્રસ કહેવાય છે અને પ્રત્યાખ્યાનમાં તે જ વિહિત છે. (૩) સર્વ જીવો સ્થાવરપણે ઉત્પન્ન થાય, તે શકય જ નથી. લોકમાં ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવો કાયમ હોય છે. શ્રાવકના પ્રત્યાખ્યાન

મર્યાદિત ક્ષેત્રના હોય છે. તેમાં પ્રત્યાખ્યાનના વિષયભૂત જીવો હોય જ છે, તેથી પ્રત્યાખ્યાન નિર્વિષય બનતા નથી.

ઉદક પેઢાલ અણગારને ગૌતમસ્વામી મંતવ્ય યથાર્થ જણાતા, તેણે પોતાનો આગ્રહ છોડી ભગવાન મહાવીર સ્વામીના શાસનનો સ્વીકાર કર્યો.

# શ્રી આગમ સૂત્ર

**❖ અંગસૂત્ર-૧૧ ❖**

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

**❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖**

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
   શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
   શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
   શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
   શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
   શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
   શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
   શ્રી વહ્નિદશા સૂત્ર

**❖ મૂળસૂત્ર-૪ ❖**

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**❖ છેદસૂત્ર-૪ ❖**

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ – 9825193988

◆ કિંમતઃ રૂ. ૩૦૦/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-